# ભાજપને જૂનો પડકાર ફરી નડશે, અલ્પેશ-જિજ્ઞેશ વિધાનસભામાં અને હાર્દિક બહારથી ઘેરશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને સૌથી વધુ પાટીદાર, ઠાકોર અને દલિત સમાજનો વિરોધનો સામનો કરવો પડ્યો હોવાનું એક તારણ નીકળ્યું છે, ત્યારે નવી સરકાર માટે વિરોધપક્ષના ધારાસભ્યો બનેલા અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણી સરકારને સીધી રીતે ભીડવવાની કોશિશ કરશે, જ્યારે પાટીદાર નેતા હાર્દિક પટેલ અનામત અને અન્યાયના મુદ્દે આંદોલન તેજ કરીને ભાજપ સરકારને દબાવવા માટેનો પ્રયાસ કરશે. ઠાકોર સમાજ માટે આંદોલન કરી રહેલાં અલ્પેશ ઠાકોર કોંગ્રેસની ટિકિટ પરથી ચૂંટણી લડીને વિજેતા બન્યા છે. તેઓ ઠાકોર સમાજની નેતાગીરી કરતાં હોવાથી ઠાકોર સમાજના નાનામાં નાના પ્રશ્નો મામલે સરકાર સાથે સીધી લડાઈ કરશે અને સમાજને ન્યાય અપાવવા માટે વિધાનસભા સુધી પણ લડી લેશે. સમાજને દારૂમાંથી મુક્ત કરવા માટેની એક ઝૂંબેશ ઉપાડી હતી. ગુજરાતમાં ઊનાકાંડ બાદ દલિત નેતા તરીકે ઉભરી આવેલા જીજ્ઞેશ મેવાણીએ અપક્ષ ઉમેદવારી કરીને



ચૂંટણીમાં વિજયી બની દલિત ધારાસભ્ય તરીકેની એની છાપ ઊભી કરી છે, ત્યારે જીજ્ઞેશ મેવાણીની જવાબદારી બને છે કે દલિતોના પ્રશ્નો જેવા કે, માથે મેલુ ઉપાડવાના, સફાઈ કામદારોને મળતો ઓછો પગાર, દલિતોની સુરક્ષા અને દલિતો પ્રત્યે ગુજરાતના કેટલાક ગામોમાં થઈ રહેલાં આભડછેટના મુદ્દે સરકાર સામે ઉગ્રતાથી લડવા માટેની તૈયારીઓ શરૂ કરી રહ્યાં છે. આ ઉપરાંત જીજ્ઞેશ મેવાણી પોતાના મતવિસ્તારના વિવિધ પ્રશ્નો અંગે પણ સતત જાગૃત રહીને સરકાર સાથે બાથ ભીડશે. પાટીદાર અનામત આંદોલન સમિતિના નામે છેલ્લા ત્રણ વર્ષથી અનામતના મામલે આંદોલન ચલાવી રહેલાં હાર્દિક પટેલે આંદોલન સમયે પાટીદારો પર સરકારની સૂચનાથી થયેલા અત્યાચાર અને અન્યાયનો મુદ્દો પણ ઉપાડ્યો છે.

હાર્દિક પટેલ પણ પાટીદારોના મુદ્દે લડાઈ ચાલુ રાખશે અને અલ્પેશ ઠાકોર તથા જીજ્ઞેશ મેવાણીની જેમ સરકાર સામે લડવા માટે તે સમાજની સાથે રહેવાની કોશિશ કરશે. હાર્દિક પટેલ આગામી દિવસોમાં ગુજરાતના દરેક ગામડાઓમાં જઈને પાટીદારોની અનામત અને અન્યાયના મુદ્દે ફરી એકવાર પાટીદારોને જાગૃત કરવાના પ્રયાસો કરશે. આ આંદોલનકારી નીતિ સરકાર માટે પણ આગામી દિવસોમાં પડકારરૂપ બની રહેશે.

# ભાજપ મારી સામે કાનૂની કાર્યવાહીની તૈયારી કરે છે : હાર્દિક

અમદાવાદ, તા.૧૯

પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલે કહ્યું છે કે, રાજ્યમાં ભાજપની સરકાર તેમના વિરુદ્ધ હવે કાનૂની કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે પરંતુ તે ડર્યા વગર પોતાનું આંદોલન ચાલુ રાખશે. હાર્દિકે આ નિવેદન ચૂંટણી



પરિણામ આવ્યા બાદ ટ્વિટ કરીને આજે કર્યું છે. તેણે કહ્યું કે, ભાજપ મારી સામે કાયદાકીય કાર્યવાહીની તૈયારી કરી રહ્યું છે. ભલે કોઈ વાંધો નહીં પણ હું પાછળ નહીં હટુ. લોકો માટે મારી લડાઈ ચાલુ રાખીશ. તેણે કહ્યું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ એક સબળ વિપક્ષના રુપમાં ઉભરી આવ્યું છે.

આપણે એ જોવું જોઈએ કે, વિપક્ષની ભૂમિકા ભજવતા કોંગ્રેસ કેવીરીતે લોકોની સેવા કરે છે. ઈવીએમ ઉપર હાર્દિકે કહ્યું કે, ચૂંટણી પંચે જે પણ કઈ કહ્યું છે તે અંતિમ સત્ય નથી. જો એક ઉમેદવાર કહે છે કે, ઈવીએમથી મુશ્કેલી આવી રહી છે તો વીવીપેટની ચિઠ્ઠીઓ ફરીથી ગણાવી જોઈએ. તેણે કહ્યું કે, હાર્દિક નથી હાર્યો બેરોજગારી હારી છે.

# ભાજપ દર વખતે ચૂંટણીમાં મારા નામનો ખોટો ઉપયોગ કરે છે : અહેમદ પટેલ

ન્યુ દિલ્હી,તા.૧૯

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવખત ભગવો



લહેરાયો છે. છેલ્લાં ૨૨ વર્ષથી રાજ્યમાં ભાજપાની સત્તા છે. પરંતુ આ વખતે ભાજપાને જીત માટે એડી ચોટીનું જોર લગાવું પડ્યું. કોંગ્રેસના સલાહકાર અહેમદ પટેલ એ કહ્યું કે ભલે રાજ્યમાં ભાજપાની સરકાર બની, પરંતુ કોંગ્રેસને આ ચૂંટણીમાં ઘણું નવું જાણવા મળ્યું છે.

અહેમદ પટેલે કહ્યું કે ભલે અમે જીતી શકયા નથી પરંતુ ગુજરાતમાં ભાજપાની નૈતિક હાર થઈ છે. તેમણે આરોપ મૂકયો કે ભાજપા દર વખતે ચૂંટણીમાં તેમના નામનો ખોટો ઉપયોગ કરે છે. તેના દ્વારા ભાજપાનું લક્ષ્ય ચૂંટણીનું ધ્રુવીકરણ કરવાનો હતો.

પટેલ એ પોતાની હારનું ઠીકરું પોતાના સહયોગીઓ પર પણ ફોડ્યું. તેમણે કહ્યું કે અમે અમારા સહયોગીઓને જે સીટો આપી, જો ત્યાં અમારા પોતાના ઉમેદવાર ઉતાર્યા હોત તો અંતર પડી શકયું હોત. અમારા મોટા કોંગ્રેસ નેતાઓને ટાર્ગેટ કરવામાં આવ્યા અને હરાવામાં આવ્યા.

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના પ્રચાર અંગે અહેમદ પટેલે કહ્યું કે તેમણે સારી રીતે પ્રચાર કર્યો. તેઓ લોકોને સાથે રાખીને ચાલ્યા અને એક સામાન્ય કાર્યકર્તાની સાથે પણ સારો ટચ બનાવ્યો. તેમણે કહ્યું કે રાજ્યમાં કોંગ્રેસના કાર્યકર્તા હંમેશાથી એક્ટિવ હતા, પરંતુ રાજયસભા ચૂંટણી બાદ કાર્યકર્તાઓએ ચૂંટણી માટે જોર પકડ્યું. તેમણે ભાજપા પર કટાક્ષ કરતાં કહ્યું કે એક પાર્ટી છે જે તેમને ખૂબ પ્રેમ કરે છે. અહેમદ પટેલ બોલ્યા કે જે લોકો ૧૫૦ સીટની વાત કરી રહ્યાં હતા તેને કારમી હાર મળી છે. અમારા દુશ્મનોની પાસે કેન્દ્ર, રાજ્યની સરકારો હતી. તેમ છતાંય અમારી વિરૂદ્ધ હથકંડે અપનાવ્યા હતા.

## કોલ્ડવેવ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ભારે સુસ્તીનો અનુભવ કર્યો હતો. વાદળિયા વાતાવરણના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે.

શહેરમાં નાતાલ પર્વના પ્રારંભ પુર્વેના સપ્તાહે ઠંડીનો મિજાજ આકરો બની રહયો છે. ડિસેમ્બરના પ્રારંભે આકરી ઠંડીએ નગરજનોને બાનમાં લીધા હતા. બીજીતરફ વાતાવરણ પલ્ટાના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણાથી ઠંડીની અસર બેવડાઈ હતી. સતત બે વાર વાતાવરણ પલ્ટાના લીધે નગરજનો ઠંડીની અસરથી પ્રભાવિત થયા હતા. ગાંધીનગર શહેર પણ ઠંડીની દ્રષ્ટિએ રાજયમાં પ્રથમ નંબરે રહયુ હતુ. જયારે થોડા દિવસો ઠંડીનુ જોર ઘટતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. જયારે હવે ફરીએકવાર ઠંડીના ચમકારાએ સૌ ને શરદીની ઋતુના આકરા મિજાજનો પરચો આપી દીધો છે. ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનો પારો એક ડી ગ્રી ગગડયો હતો. પરંતુ વાતાવરણમાં ઠંડા પવનનુ જોર પણ વધુ રહેતા શહેર ઠંડુગાર બન્યુ હતુ. દિવસ દરમિયાન પણ નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. સાંજ ઢળતા જ નગરમાં સુનકાર છવાઈ જાય છે. આકરી ઠંડીથી બચવા માટે નગરજનો કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળે છે. રાત્રિના સમયે માર્ગો પર સુનકાર વ્યાપી જાય છે. સવારે પણ ઠંડીની સાથે પવનનુ જોર વધારે રહેતા માર્નિંગ વોક કરનારાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૬ ડી ગ્રી રહયુ હતુ મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં બેવડો તફાવત હોવાછતા દિવસ દરમિયાન પવનનુ જોર વધુ રહેતા નગરજનોએ ઠંડીનો અહેસાસ કર્યો હતો. દિવસના વાદળિયા વાતાવરણના લીધે નગરજનોએ સુસ્તી અને બેચેની અનુભવી હતી. ઠંડીની મોસમના વિચિત્ર અહેસાસથી જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

## ઘર ફુટે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગામડાઓમાંથી મત મેળવવામાં સફળતા ન મળતા ઉત્તરની બેઠકના હારજીતના સમીકરણો બદલાયા છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં મતદારોને આકર્ષવા તેમજ બહુમત મેળવવા માટે પક્ષના સ્થાનિક સિનિયર નેતાઓએ નિરસતા દાખવી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. પક્ષના ફુટલા આગેવાનો, સિનિયર નેતાઓની નિષ્ક્રીયતા અને કાર્યકર્તાઓની પણ કાંઈક અંશે નારાજગીના લીધે અશોક પટેલને હારનો સ્વાદ ચાખવો પડયો હોવાનો ગણગણાટ ચુંટણી પરિણામોના અંતે રોષનુ કારણ બન્યો છે. અલબત્ત ઉત્તરમાં ઘર ફુટે ઘર જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

# ગુજરાતમાં ભાજપની જીત સાથે જ અંબાણીના ૩૧૬ કરોડ ડૂબ્યા

ગુજરાતમાં ભાજપની જીત થઈ. ભાજપને ૯૯ સીટો મળી અને છઠ્ઠી વાર ગુજરાતની સત્તા પણ. જો કે ગુજરાતમાં ભાજપની જીતથી શેરબજાર પર જોરદાર અસર થઈ. ભારતના સૌથી પૈસાદાર વ્યક્તિ મુકેશ અંબાણીને આ જીતથી સીધી અસર પણ થઈ. ગુજરાતની ચૂંટણીની જીતથી મુકેશ અંબાણીને ૩૧૬ કરોડનું નુકશાન થયું. તમને જણાવી દઈએ કે મોદી સરકારને અંબાણી અને અદાણીના હિતેચ્છુ મનાય છે. પણ ખરેખરમાં તે જ અંબાણીના નુકશાનનું કારણ એક રીતે બન્યા, કેવી રીતે વિગતવાર જાણો અહીં.

સોમવારે ગુજરાતમાં ચૂંટણીના પરિણામોની શરૂઆત થયા પછી રિલાયન્સ ઈન્ડ્રસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીની સંપત્તિ ૩૧૬



કરોડ રૂપિયા ઓછી થઈ ગઈ. આરઆઈએલના શેયરમાં બીએસઈ પર સામાન્ય રીતે પડ્યા. શરૂઆતી પરિણામોમાં જ્યારે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ૧૦ જ સીટોનું અંતર હતું ત્યારે બંન્ને વચ્ચે કાંટાની ટક્કર ચાલી રહી હતી. તો બીજી તરફ આરઆઈએલના શેયર પર ૮૧૬ રૂપિયાથી નીચે પહોંચી ગયા. જો કે પાછળથી ૯૧૯.૯૦ રૂપિયા પણ થયા પણ આ ઘટાડાના કારણે રિલાયન્સને ૩૧૬ કરોડનું નુક્શાન થઈ ગયું.

જો કે અનિલ અંબાણીને આનાથી ફાયદો થયો. અનિલ અંબાણીની કંપની એડીએજીના શેરમાં ૨.૬૭ ટકાની તેજી જોવા મળી. તેજીના કારણે અનિલ અંબાણીની કંપનીને ૩૬૯ કરોડનો ફાયદો થયો. આ ફાયદો કંપનીના રિલાયન્સ નિપ્પોન લાઈફ એસેટ શેરમાં ઉછાળાના કારણે થયો હતો. જો કે રિલાયન્સ ઈંફ્રા, રિલાયન્સ કેપિટલ અને રિલાયન્સ કમ્યુનિકેશનના શેર પડ્યા હતા.

તો ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામોના કારણે અદાની સમૂહને પણ નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો. આ શેરોમાં ૧૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જેના કારણે કંપનીની માર્કેટ કેપ ૧૨૨૨૬ કરોડ રૂપિયા સુધી ઓછી થઈ ગઈ હતી. માર્કેટ બંધ થતા અદાણી સમૂહને ૬૭૦૦ કરોડ રૂપિયાનું નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું હતું. ત્યાં જ દિલીપ સાંઘવીના કંપનીના શેરમાં પણ ૧.૧૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જેના કારણે કંપનીને ૧૨૭ કરોડનું નુકશાન થયું હતું.

ગુજરાત વિધાનસભાની અસર શેરમાર્કેટની સાથે સાથે સટ્ટોડિયાઓમાં પણ થઈ. માનવામાં આવે છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧ કરોડ રૂપિયાનો સટ્ટો લાગ્યો હતો. આમ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામોની અસર અહીં પણ જોવા મળી હતી.



## ભિલોડાના વિજયી ઉમેદવારના સરઘસમાં સમર્થકો ઉમટ્યા

ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક કોંગ્રેસના વિજેતા ધારાસભ્યના વિજય સરઘસમાં સમર્થકો અને ટેકેદારો જોડાયા હતા.ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠકના કોંગ્રેસના વિજેતા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારાના વિજય સરઘસમાં સમર્થકો અને ટેકેદારો જોડાયા હતા.ડી.જે.ના તાલે કોંગ્રેસના કાર્યકરો,હોદ્દેદારો ઝુમી ઉઠ્યા હતા. ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક ઉપર સતત પાંચ ટર્મથી ચુંટાઈ આવતા કોંગ્રેસના ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જલજીભાઈ જોષીયારાનો જ્વંલત જંગી બહુમતી વિજય હાંસલ કરતાં ભિલોડા-મેઘરજ તાલુકામાં આનંદની લાગણી પ્રસરી છે.

# ગુજરાતમાં એએપી, બસપ કરતા તો નોટાને વધુ મતો

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદારો દ્વારા નોટા અથવા તો કોઈ ઉમેદવાર પસંદ નથી તેવા વિકલ્પ ધરાવતા બટનનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો છે. આંકડા પરથી આ મુજબની સાબિતી મળી જાય છે. ઈવીએમ પર આ બટન દબાવનાર આંગળીની સંખ્યા આમ આદમી પાર્ટી, એનસીપી અને બહુજન સમાજ પાર્ટીને મળેલા વોટ કરતા વધારે રહી છે. ઈવીએમમાં નોટા મારફતે મતદારો તેમની એવી ભાવના દર્શાવે છે કે ચૂંટણી મેદાનમાં ઉતારી દેવામાં આવેલા ઉમેદવાર પૈકી કોઈ ઉમેદવાર તેમને પસંદ નથી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૫૫૧૨૯૪ મતદારો દ્વારા નોટાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૨માં યોજાયેલી વિધાનસભા ચૂંટણી વેળા નોટાનો વિકલ્પ ન હતો. આવી સ્થિતિમાં સરખામણી કરવા માટે વર્ષ ૨૦૧૪ની કેન્દ્રિય ચૂંટણીને ધ્યાનમાં લઈ શકાય છે. એ ચૂંટણીમાં ગુજરાતના ૪.૨ લાખ મતદારો દ્વારા નોટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિધાનસભા ચૂંટણીમાં નોટાની મત હિસ્સેદારી ૧.૮ ટકા રહી હતી. જો એક વિધાનસભા ચૂંટણીની દ્રષ્ટિએ અસામાન્ય બાબત નથી. ચૂંટણી પંચના આંકડા મુજબ નોટાના કુલ મત ૦.૮ અને ત્રણ ટકા વચ્ચે રહી શકે છે. ગુજરાતમાં આમ આદમી પાર્ટીએ કુલ ૨૯ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યાં પાર્ટીને માત્ર ૨૯ હજાર ૫૧૭ મત મળ્યા છે. ત્યારે ૨૯ સીટ પૈકી ૭૫ હજાર ૮૮૦ લોકોએ નોટાનો વિકલ્પ પસંદ કર્યો હતો.

# લોકસભા ચૂંટણી પહેલાં આક્રમક વિપક્ષ નક્કી કરશે સરકારની દશા-દિશા

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીનું બહુ અપેક્ષિત પરિણામ આવ્યું. ૧૫૦ પ્લસની જગ્યાએ ૯૯ પર આવી અટકી ગયું. સામે મૃતપ્રાય મનાયેલી કોંગ્રેસને જાણે જનાધારની સંજીવની મળી હોય તેમ માત્ર બેઠી નહીં દોડતી થઈ ગઈ. કેટલાક દિગ્ગજો ગુમાવીને પણ નવા ચહેરાઓ જે રીતે વિધાનસભામાં પ્રવેશ કરશે તે જોતા એવું ચોક્કસ લાગે છે કે, નવનિર્વાચિત સરકારને આગામી ૧ વર્ષ માટે તો વિપક્ષ કોંગ્રેસ 'ધોળે દિવસે તારા' બતાવવા માટે આક્રમક પ્રયાસ કરશે. કારણ કે, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસ કે ભાજપ બંને માટે હવે તૈયારીનો સમય નથી. તેવામાં પ્રજાને સ્પર્શતા મુદ્દાઓને લઈ આગામી શિયાળુ સત્રમાં કોંગ્રેસ આક્રમક રણનિતિ અપનાવશે. વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે તરવરિયા યુવા પરેશ ધાનાણીની નિમણુક કોંગ્રેસ માટે એકદમ ઉચિત નિમણુંક હશે. કદાચ આમ ન પણ હોય તો પણ





કેટલાક સિનિયરોની ગેરહાજરીથી જિગ્નેશ, અલ્પેશ સાથે ચૂંટાયેલા અન્ય અપક્ષો ઉપરાંત કોંગ્રેસના અન્ય નવા ચહેરાઓ સરકારને તેમના વિકાસની અનુભૂતિ કરાવવા મજબૂર કરાવે તો નવાઈ નહીં રહે.

૨૦૧૯ની લોકસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ વધુ કમર કસવી પડશે. સરકાર બનતા સુધીમાં અને સરકાર ચલાવતી વેળા પણ એ પ્રદેશ કે એ જિલ્લાઓ પ્રત્યે ખાસ ધ્યાન આપવું પડશે જ્યાં ૪-૫ વખતથી જીતતા આવતા ઉમેદવાર અચાનક જ હારી ગયા. ફેક્ટર કોઈપણ હોય પરંતુ સરકારની વાત બહુધા જનતાને ગળે ઉતરી નથી અથવા ગળે ઉતારવા માટે પૂરતો પ્રયત્ન સરકાર તરફથી થયો નથી. તેનું જ પરિણામ છે કે ભાજપની બેઠકો ૨૦૧૨ની સરખામણીએ ૨૦૧૭માં ૧૯ બેઠકો ઘટી ગઈ.

બેઠકો ઘટતા કટલીક જગ્યાએ ભલે ભાજપ દાવો કરે કે, મતદાન ટકાવારી વધી છે પરંતુ આગામી લોકસભા ચૂંટણીમાં મતદાનની ટકાવારી કોઈ ગણતરીમાં નહીં આવે. જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જેવા જિલ્લાઓમાં જ્યારે લગભગ બેઠકો ભાજપે ગુમાવી દીધી છે ત્યારે આ પ્રચંડ જનાધારને લોકસભા ચૂંટણીમાં પોતાની તરફ વાળવા માટે ભારતીય જનતા પાર્ટીએ દિવસ રાત એક કરીને પણ પ્રયત્ન કરવા પડશે. કારણ કે, લોકસભાની સૌરાષ્ટ્ર કચ્છની બેઠકો પરિણામમાં અસર પાડી શકે છે. ૨૦૧૪ની લોકસભામાં પ્રથમ વખત જ પ્રધાનમંત્રીના દાવેદાર તરીકે નરેન્દ્ર મોદી લડી રહ્યા હતા. આ અણસાર ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં જ આવી જતા પહેલી જ વખત મત વિસ્તાર વિભાજનમાં ગ્રામીણ વિસ્તારોનો ઘણો-ખરો સમાવેશ થયો છતાં ભાજપને ૧૧૬ બેઠકો મળી હતી. પરંતુ આ વખતે એ જ ગ્રામીણ વિસ્તારમાં સીટો ગુમાવી અને સાથે જનાધાર પણ ગુમાવ્યો છે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પહેલાં એક દિવસીય ક્રિકેટ મેચ જેવી ગુજરાત વિધાનસભામાં પક્ષ અને વિપક્ષની સ્થિતિ હશે. જેમાં સરકાર તરફે રાજ્યના વિકાસની ધુંઆધાર બેટિંગ અને સામે પક્ષે સરકારના દાવાઓને પડકારતી આક્રમક યોર્કરસભર બોલિંગથી ગુજરાતનું રાજકારણ એક ઉત્તેજના પેદા કરશે. આ ઉત્તેજના પ્રત્યેક વ્યક્તિ અનુભવશે તે ચોક્કસ છે.

## ધારી સરસાઈ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ભાજપના ઉમેદવારને ત્રણ બુથમાં ૬૦૦થી વધુ મત મળ્યા છે અને સૌથી વધુ ૬૭૫ મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાને માત્ર ૧ બુથમાં ૬૦૦થી વધુ મત મળ્યા છે અને તે પણ સૌથી વધુ ૬૧૫ મત મળ્યા છે. જો કે કોંગ્રેસના ઉમેદવારને ૫૦૦થી વધુ મત ઘણી મોટી સંખ્યામાં ઘણા બુથો પરથી મળ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં મેળવેલી લીડ અને પોષ્ટલ બેલેટમાં મળી સરસાઈએ કોંગ્રેસને સરળતાથી ગાંધીનગર(ઉ) બેઠક મળી છે. ગાંધીનગર શહેરમાં ભાજપના કે કોંગ્રેસના ઉમેદવારો ચૂંટણીનો માહોલ બનાવવામાં નિષ્ફળ રહ્યા હતા તેવા અખબારી અહેવાલો જ આને પુષ્ટિ આપવા માટે પુરતા છે.

નોટામાં પડેલા ૨૯૨૯ અને અમાન્ય ઠરેલા ૧૨૧૧ પોષ્ટલ બેલેટનો જો સરવાળો કરીએ તો ૪૧૪૦ મત થાય છે. જ્યારે કોંગ્રેસે આ બેઠક ૫૩૦૦થી વધુ મતે હાંસલ કરી છે. ટુંકમાં ભાજપના રણનીતિકારો ભાજપની બાજી જીતવામાં નિષ્ફળ રહ્યા છે એ સ્પષ્ટ આંક વિશ્લેષકોનું માનવું છે.

## હોબાળો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરવામાં આવેલી આ ટિપ્પણી દુર્ભાગ્યપૂર્ણ બતાવતા કહ્યું કે, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની નિષ્ઠા અને દેશ પ્રેમ ઉપર સંદેહ કરી શકાય નહીં. આ પરિસ્થિતિ વચ્ચે રાજ્યસભામાં આજે પણ તાનાશાહી નહીં ચલેગી અને પીએમ મોદી માફી માંગે તેવા સુત્રોચ્ચારની સાથે કોંગ્રેસના સભ્યોએ સરકારને ઘેરવાની કોશિશ કરી હતી.

## નૈતિક બળ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કેટલા પણ પૈસા હોય અને કેટલો પણ પાવર હોય પરંતુ પ્રેમ તેને હરાવી દે છે અને આ પ્રેમ મને દેખાયો છે. ગુજરાત અને હિમાચલમાં લોકોએ આપેલા પરિણામ અંગે આભાર માનતા તેમણે કહ્યું કે, આ બંને રાજ્યોના પરિણામો માટે હું રાજ્યોની જનતાનો આભાર માનું છું. રાહુલે કહ્યું કે, રસપ્રદ વાત એ છે કે, ચૂંટણી જીત્યા બાદ મોદી જેમ કહી રહ્યા છે તેમ આ તેમના વિકાસની ચૂંટણીની જીત છે.

## કાયમી ડીજીપી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સરકારને તેનું વલણ સ્પષ્ટ કરવા જણાવી જવાબ માંગ્યો હતો. જેમાં સરકારે ગઈ મુદતમાં જણાવ્યું હતું કે, કાયમી ડીજીપીની નિમણૂંક મામલે સરકાર ગંભીર છે અને તેની પર વિચારણા ચાલી રહી છે પરંતુ હાલ વિધાનસભા ચૂંટણીને લઈ રાજયમાં ચૂંટણી આચારસંહિતા લાગુ પડી ગઈ હોઈ હવે સરકાર આ નિમણૂંક હાલ કરી શકે તેમ નથી કારણ કે, તમામ વહીવટી સત્તાઓ હવે ચૂંટણીપંચ હસ્તક થઈ ગઈ છે. સરકારની આ રજૂઆત ધ્યાને લીધા બાદ હાઈકોર્ટે ચૂંટણીપંચને પણ અગાઉ આ કેસમાં પક્ષકાર બનાવવા નિર્દેશ કર્યો હતો.

ચૂંટણી પંચે પણ ચૂંટણીની પ્રક્રિયા અને આચારસંહિતાને લઈ ટૂંક સમયમાં જ નિર્ણય લેવા બાબતે હૈયાધારણ આપી હતી.

# મોદી સરકાર બજેટમાં ખેડૂલક્ષી પગલાં જાહેર કરશે...!?

ન્યુ દિલ્હી,તા.૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો ગઈકાલે આવ્યા બાદ ભલે ભાજપને સત્તા મળી છે પરંતુ તેની ઘણી બેઠકો ઘટી ગઈ છે માટે મોવડી મંડળ અને સરકાર ચિંતામાં છે. કોંગ્રેસે જોરદાર દેખાવ કર્યો છે માટે હવે આગામી કેન્દ્રીય બજેટનું સ્વરૂપ પણ બદલાઈ જવાનું છે અને કૃષિ પર તેમજ ખેડૂતો તરફ વધુ લક્ષ્ય આપવામાં આવે તેવી શક્યતા છે. આમ ગુજરાતમાં નબળા દેખાવને લીધે બજેટનું ડાયરેકશન ફેરવી નાખવાની ફરજ પડી છે.

ફેબ્રુઆરીમાં કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી સંસદમાં બજેટ રજૂ કરશે અને તેમાં મોટાભાગે કૃષિ પર વધુ ધ્યાન આપવામાં આવશે અને ગ્રામ્ય ઈકોનોમીને વધુ મજબૂત બનાવવા તરફ લક્ષ્ય આપીને તે મુજબના પગલાં જાહેર કરાશે. એ જ રીતે જીએસટીથી ધ્યાન હટાવીને હવે એમએસપી તરફ મોદી સરકારને વળવાની ફરજ પડશે. એમએસપી એટલે લઘુત્તમ ટેકાના ભાવને ઉત્તેજન આપવું પડશે.

અરૂણ જેટલીએ વાતચીત કરતાં આ સંકેત આપ્યો છે અને કહ્યું છે કે ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં આવેલા પરિણામો



ખેડૂતોની નારાજગીનો સંકેત આપે છે. હવે સરકાર એમની સમસ્યાઓનું મૂલ્યાંકન કરશે અને તેને ઉકેલવા તરફ ધ્યાન આપશે. ગ્રામ્ય ભારતમાં વધુ ખર્ચ કરવાને બદલે ખેડૂતોની સમસ્યા ઉકેલવા તરફ ધ્યાન અપાશે છતાં ગ્રામ્ય ઈકોનોમીને મજબૂત બનાવવા માટે સરકારે પગલાં લેવા પડશે. એમણે એમ પણ કહ્યું કે ગુજરાત અને હિમાચલમાં જે જીત થઈ છે તેને અમે જીએસટીને લોકોનો ટેકો મળ્યો છે તેમ ગણશું. જીએસટીની સામે જે હોબાળો થઈ રહ્યો છે તે ખોટો છે.